ફેફસાની સફળ કેન્સર સર્જરી બાદ પોપ લિયોની તબિયતમાં સુધારો

બીમારીની વિગતો જાહેર કરીને પોપે તોડી દાયકાઓ જૂની ગોપનીયતાની પરંપરા

રોમ, તા. 14 (એપી): ફેફસામાંથી કેન્સરની ગાંઠ દૂર કરવા માટે કરવામાં આવેલી સફળ સર્જરી બાદ પોપ લિયો 14માંની તબિયતમાં ઝડપથી સુધારો થઈ રહ્યો છે. વેટિકને બુધવારે તબીબી રિપોર્ટ જાહેર કરતા જણાવ્યું હતું કે 71 વર્ષીય પોપે નિયમિત આહાર લેવાનું શરૂ કર્યું છે તેમજ રૂમમાં ચાલવાની અને શ્વાસોશ્વાસની કસરતો પણ શરૂ કરી દીધી છે. તેમના સર્જરી બાદના બ્લડ ટેસ્ટ અને ચેસ્ટ એક્સ-રેના રિપોર્ટ સંપૂર્ણપણે સંતોષકારક અને સામાન્ય આવ્યા છે.

વેટિકનના તબીબો ડૉ. લુઇગી કાર્બોન અને ડૉ. સ્ટેફાનો માર્ગારિટોરાએ માહિતી આપી હતી કે 90 મિનિટ સુધી ચાલેલી આ મિનીમલી ઇન્વેસિવ સર્જરી દરમિયાન ફેફસાનો સંક્રમિત ભાગ સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યો છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, પોપને ફેફસાના કેન્સરનો સૌથી સામાન્ય પ્રકાર 'લંગ એડેનોકાર્સિનોમા' હતો. રોગ કેટલો ફેલાયેલો છે અને વધારાની થેરાપીની જરૂર છે કે કેમ તે જાણવા માટેના વધુ બાયોપ્સી રિપોર્ટ્સની હાલ રાહ જોવાઈ રહી છે. નોંધનીય છે કે, પોપ લિયોએ પોતાના સ્વાસ્થ્ય અંગેની માહિતી જાહેરમાં શેર કરીને વેટિકનની દાયકાઓ જૂની અત્યંત ગોપનીયતાની પરંપરા તોડી છે. વેટિકન દ્વારા આગાઉના પોપ્સની બીમારીઓ વિશે હંમેશા માહિતી છુપાવવામાં આવતી હતી.

સરકારે એપ્રિલ 2029થી BS-VII ઉત્સર્જન ધોરણો લાગુ કરવા પ્રસ્તાવ મૂક્યો

વાહન પ્રદૂષણ નિયંત્રણ ક્ષેત્રે કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

બ્રેક, ટાયર અને બેટરી લાઈફ માટે નવા નિયમો ઉમેરાયા


પ્રથમ વખત આ નિયમોમાં ઇલેક્ટ્રિક વાહનોને પણ આવરી લેવાયા

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): દેશમાં વાહન પ્રદૂષણ પર વધુ કડક નિયંત્રણ લાવવા માટે કેન્દ્ર સરકારે 1 એપ્રિલ, 2029થી પેસેન્જર વાહનો માટે 'ભારત સ્ટેજ 7' (BS-VII) ઉત્સર્જન ધોરણો લાગુ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલી ડ્રાફ્ટ નોટિફિકેશન મુજબ, આ નવા નિયમો એપ્રિલ 2029થી ઉત્પાદિત થતી તમામ એમ1 શ્રેણીની પેસેન્જર કારોને લાગુ પડશે.

સરકારે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સ, 1989માં સુધારા કરવા માટે 30 દિવસના સમયગાળામાં જાહેર જનતા અને હિસ્સેદારો પાસેથી વાંધા સૂચનો મગાવ્યા છે. હાલમાં ભારતમાં એપ્રિલ 2020થી BS-VI ધોરણો અમલી છે. આ નવા BS-VII ધોરણોને - એપ્રિલ 2029, એપ્રિલ 2031 અને એપ્રિલ 2035માં તબક્કાવાર રીતે રજૂ કરવામાં આવશે.

નવા પ્રસ્તાવિત નિયમો હેઠળ વાહન ઉત્પાદકોએ માત્ર લેબોરેટરીમાં જ નહીં પરંતુ રિયલ-વર્લ્ડ ડ્રાઇવિંગ ઉત્સર્જન ટેસ્ટ દ્વારા પણ પ્રદૂષણનું સ્તર સાબિત કરવું પડશે. ઇતિહાસમાં પ્રથમ વખત આ નિયમોમાં ઇલેક્ટ્રિક વાહનોને પણ આવરી લેવામાં આવ્યા છે. પ્રથમ તબક્કામાં સાયલન્સરમાંથી નીકળતા પ્રદૂષક વાયુઓ અને ઇંધણ વપરાશ પર નજર રાખવામાં આવશે. આ ઉપરાંત, ગ્રાહકો માટે 'એન્વાયરનમેન્ટલ વ્હીકલ પાસપોર્ટ' ની પણ જોગવાઈ કરાશે, જે વાહનની બેટરી હેલ્થ અને ઉત્સર્જનની માહિતી દર્શાવશે.

બીજા તબક્કામાં (એપ્રિલ 2031 થી) બ્રેક ઘસાવવાથી ઉત્પન્ન થતા કણો (બ્રેક-પાર્ટિકલ) અને ટાયર ઘસારા પર મર્યાદા નક્કી કરવામાં આવશે.





મૃત બચ્ચાને સુંઢમાં પકડીને જતી માદા હાથીની કરુણ તસવીરે જીત્યો 'વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર ઓફ ધ યર' એવોર્ડ

થારના રણમાં વીંછીની તસવીર માટે ભારતના સીતારામ રાઉલે પણ એવોર્ડ મેળવ્યો

લંડન, તા. 14: નામીબિયાની હુઆબ રિવર વેલીમાં મૃત બચ્ચાને પોતાના દંતશૂળ અને સુંઢ વચ્ચે પકડીને લઈ જતી માદા હાથીની અત્યંત કરુણ તસવીરે આ વર્ષનો પ્રતિષ્ઠિત 'વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર ઓફ ધ યર' એવોર્ડ જીત્યો છે. ઇટાલિયન ફોટોગ્રાફર ફેડરિકો વેરોનેસી દ્વારા લેવામાં આવેલી આ બ્લેક એન્ડ વ્હાઇટ તસવીર 121 દેશોની રેકોર્ડબ્રેક 65,403 એન્ટ્રીઓમાંથી પસંદ કરવામાં આવી હતી. નિષ્ણાતોના મતે હાથીઓમાં જોવા મળતું આ વર્તન તેમનામાં રહેલી સંવેદના અને શોકની લાગણી દર્શાવે છે. જ્યુરી ચેરમેન કેથી મોરાને આ તસવીરને અત્યંત ભાવુક અને પ્રાણીઓમાં પણ બુદ્ધિમત્તા હોવાનો પુરાવો ગણાવી હતી. આ ઉપરાંત, ઝિમ્બાબ્વેમાં રહેતા 14 વર્ષીય બ્રિટિશ ફોટોગ્રાફર ઓસ્કાર વ્હાઇટફિલ્ડે છાણના ગોળાને ધકેલતા ગોબરિયા કીડા (ડંગ બીટલ)ની તસવીર માટે 'યંગ વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર ઓફ ધ યર'નો એવોર્ડ જીત્યો છે. જ્યારે થારના રણમાં વીંછીની તસવીર માટે ભારતના સીતારામ રાઉલે પણ એવોર્ડ મેળવ્યો છે. લંડનના નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ દ્વારા આ વિજેતા તસવીરોનું પ્રદર્શન યોજવામાં આવશે.

બ્લુ ડ્રમ મર્ડર: પતિની ક્રૂર હત્યા કરનાર પત્ની મુસ્કાન અને પ્રેમીને ફાંસીની સજા

મર્ચન્ટ નેવી અધિકારીની લાશના ટુકડા કરીને બ્લુ ડ્રમની અંદર સિમેન્ટથી ભરી દેવામાં આવ્યા હતા



મેરઠ (યુપી), તા. 14 (PTI) મેરઠની એક કોર્ટે બુધવારે મુસ્કાન રસ્તોગી અને તેના પ્રેમી સાહિલ શુક્લાને તેના પતિ સૌરભ રાજપૂતની હત્યા કરવા બદલ ફાંસીની સજા ફટકારી છે, સૌરભની લાશના ટુકડા કરીને બ્લુ ડ્રમની અંદર સિમેન્ટથી ભરી દેવામાં આવ્યા હતા, આ હત્યાકાંડે તેની ભયાનક વિગતોને કારણે રાષ્ટ્રીય સ્તરે હેડલાઇન્સ બનાવી હતી. મર્ચન્ટ નેવી અધિકારીની 3 માર્ચ, 2025ના રોજ હત્યા કરવામાં આવી હતી અને બે અઠવાડિયા પછી તેની લાશ મળી આવી હતી. કોર્ટના અધિકારીઓએ જણાવ્યું હતું કે, જિલ્લા ન્યાયાધીશ અરવિંદ કુમાર મિશ્રાએ 13 મહિના સુધી ચાલેલી ટ્રાયલ દરમિયાન 126 સુનાવણી પછી આ કેસમાં ચુકાદો સંભળાવ્યો હતો, જેને 'બ્લુ ડ્રમ મર્ડર કેસ' તરીકે ઓળખવામાં આવે છે.

સેટેલાઈટ ઈન્ટરનેટ મંજૂરીની લાઈનમાં અમે મસ્કની સ્ટારલિંકથી ઘણા આગળ: સુનિલ મિત્તલ

માર્કેટમાં મંજૂરીઓ અને સ્પેક્ટ્રમ ફાળવણી મુદ્દે દિગ્ગજ ઉદ્યોગપતિઓ વચ્ચે ખેંચતાણ

અગાઉ મસ્કે મુકેશ અંબાણીને વડા પ્રધાન અંબાણી કહીને બોલાવ્યા હતા

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): ભારતી એરટેલના ચેરમેન સુનિલ ભારતી મિત્તલે બુધવારે સ્પષ્ટ કર્યું હતું કે ભારતમાં સેટેલાઇટ સેવાનો પ્રારંભ કરવા માટે તેમની સેટેલાઇટ કમ્યુનિકેશન કંપની 'યુટેલસેટ વનવેબ' ઈલોન મસ્કની 'સ્ટારલિંક' કરતા ઘણી આગળ છે. આ દાવાએ દેશના સેટેલાઇટ ઈન્ટરનેટ માર્કેટમાં પ્રવેશે મંજૂરીઓ, સ્પર્ધા અને નિયમનકારી નીતિઓ અંગે નવી ચર્ચા જગાવી છે. 'બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમ 2026' ખાતે બોલતા સુનિલ મિત્તલે જણાવ્યું હતું કે, 'હું મસ્ક કરતા મંજૂરીની લાઈનમાં ઘણો આગળ છું. અમે પાંચ વર્ષ પહેલાં અરજી કરી હતી, અમારું ગ્રાઉન્ડ નેટવર્ક ત્રણ વર્ષથી તૈયાર છે અને અમારા ઉપગ્રહો પાંચ વર્ષથી ભારત પર કાર્યરત છે. જો મસ્ક કરતા થોડા દિવસો પહેલાં પણ અમને વાણિજ્યિક કામગીરીની અંતિમ મંજૂરી મળશે તો અમને ખુશી થશે.'

'ગનમાસ્ટર જી9'ના શૂટિંગ દરમિયાન કાર અકસ્માતમાં ઇમરાન હાશ્મીનો ચમત્કારિક બચાવ



મુંબઈ, તા. 14: અભિનેતા ઇમરાન હાશ્મીનો તેની આગામી ફિલ્મ 'ગનમાસ્ટર જી9' માટે એક હાઇ-રિસ્ક સ્ટન્ટ શૂટ કરતી વખતે ચમત્કારિક બચાવ થયો હોવાના અહેવાલ છે. આ ફિલ્મના ક્લિમેક્સ સિક્વન્સનો એક બિહાઇન્ડ-ધ-સીન્સ વીડિયો ઓનલાઇન સામે આવ્યો છે, જેમાં એક એસયુવી હવામાં પલટી મારીને નીચે પાર્ક કરેલી કાળી વાન પર ક્રેશ થતી દેખાય છે. વાહન અભિનેતાની ખૂબ જ નજીક આવી જતું હોવાનું જણાય છે, જેના કારણે સેટ પરની સુરક્ષા અંગે સવાલો ઊભા થયા છે. ફૂટેજમાં કોઈ વ્યક્તિ કાઉન્ટડાઉન બોલાવે છે તેમ ક્રૂ આ સિક્વન્સ માટે તૈયારી કરે છે. થોડી ક્ષણો પછી ક્રેન સાથે લટકાવેલી એસયુવી ઊંધી વળી જાય છે અને વાનની છત પર ક્રેશ થાય છે.

અનિત પડ્ડાએ અહાન પાંડે સાથે જન્મદિવસ ઉજવ્યો



મુંબઈ, તા. 14: ફિલ્મ 'સૈયારા' ફેમ અનિત પડ્ડાએ મંગળવારે પોતાનો 24મો જન્મદિવસ ઉજવ્યો હતો. પાર્ટીમાં તેમના કો-સ્ટાર અહાન પાંડે, તેમની માતા ડિયાન પાંડે અને આલિયા ભટ્ટ સામેલ થયા હતા. મંગળવારે 'સૈયારા'ના કો-એક્ટર આલમ ખાને પાર્ટીની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. જોકે, આલમે બાદમાં પોસ્ટ ડિલીટ કરી નાખી હતી, પરંતુ ફેન્સે તસવીરો સેવ કરી લીધી અને એને ઓનલાઇન શેર કરી દીધી. પાર્ટીમાં ઘરને ગુલાબી અને લીલા ફુગ્ગાઓથી સજાવવામાં આવ્યું હતું. અનિતે નાનો પીળો બોડીકોન ડ્રેસ પહેર્યો હતો. જ્યારે, અહાન શિમરી કાળી શર્ટ અને કાળા જિન્સમાં નજરે પડ્યો હતો. પાર્ટીની તસવીરો સામે આવતા પહેલાં અહાન પાંડેએ અનિતને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી.

નેટફ્લિક્સે 1,000 કર્મચારીઓની છટણી કરી

નવી દિલ્હી, તા. 14: ધીમી ગ્રોથ તેમ જ વધી રહેલી સ્પર્ધાને પહોંચી વળવા માટે સ્ટ્રીમિંગ ક્ષેત્રની દિગ્ગજ કંપની નેટફ્લિક્સે 2022 પછી તેના સૌથી મોટા છટણીના તબક્કામાં આશરે 1,000 કર્મચારીઓની નોકરીમાંથી કપાત કરી છે. ધ વોલ સ્ટ્રીટ જર્નલના એક અહેવાલ મુજબ, આ છટણીથી કંપનીના આશરે 6 ટકા વર્કફોર્સને અસર થશે, જેમાં મોટા ભાગની કાપ મૂકવાની પ્રક્રિયા તેની પ્રોડક્ટ, ટેક્નોલોજી, લીગલ અને હ્યુમન રિસોર્સિસ (એચઆર) ટીમોમાં થવાની ધારણા છે. નેટફ્લિક્સના કો-સીઈઓ, ટેડ સરાન્ડોસ અને ગ્રેગ પીટર્સે બુધવારે એક ઈ-મેઇલમાં કર્મચારીઓને આ નિર્ણય વિશે માહિતગાર કર્યા હતા. આ પગલું નેટફ્લિક્સ માટે એક મહત્ત્વપૂર્ણ સમયે આવ્યું છે, જે તેના પરંપરાગત સબ્સ્ક્રિપ્શન બિઝનેસથી આગળ વધીને વિસ્તાર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે જ્યારે સાથે જ ઝડપી ગ્રોથ હાંસલ કરવા માટે દબાણનો સામનો કરી રહ્યું છે.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,33,590/-
18 KT 1,09,260/- 14 KT 84,930/-
+91 95109 70230
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

તિરંગા સાથે કનોટ પ્લેસ પહોંચ્યો: CJP સ્થાપકની દેશવાસીઓને અપીલ

દિલ્હીમાં શુક્રવારે સીજેપીની તિરંગા યાત્રા

દીપકેએ શુક્રવારે કનોટ પ્લેસ ખાતે રાષ્ટ્રધ્વજ સાથે એકઠા થવા સમર્થકોને અપીલ કરી

જંતર મંતર ખાતે તિરંગો લહેરાવવા બદલ પક્ષના સભ્યોની ધરપકડ બાદ રાજધાનીમાં વિરોધ પ્રદર્શન તેજ બનવાના એંધાણ

દિપકેનું અન્ય શહેરોમાં પણ તિરંગા યાત્રા યોજવા આહવાન

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજીત દીપકેએ દેશભક્ત લોકોને શુક્રવારે દિલ્હીના વેપારી કેન્દ્ર કનોટ પ્લેસ સ્થિત સેન્ટ્રલ પાર્ક ખાતે રાષ્ટ્રધ્વજ સાથે એકઠા થવા હાકલ કરી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે તેમની પાર્ટીના સભ્યો સૌરવ દાસ અને આશુતોષ રાંકાને માત્ર 'તિરંગો લહેરાવવા બદલ જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.'

બુધવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક સંદેશમાં દીપકેએ કહ્યું હતું કે, 'અમે સાબિત કરી બતાવીશું કે તિરંગો લહેરાવવો એ કોઈ ગુનો નથી.' આ સાથે તેમણે દિલ્હી ન આવી શકે તેવા લોકોને પોતાના શહેરોમાં સાંજે 'તિરંગા યાત્રા' યોજવા અપીલ કરી છે. દીપકેએ એવી આશંકા પણ વ્યક્ત કરી હતી કે આગામી સમયમાં તેમની પણ ધરપકડ કરવામાં આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે મંગળવારે વિરોધ પ્રદર્શન માટે ડી-નોટિફાય (સત્તાવાર સ્થળ તરીકે રદ) કરાયેલા જંતર મંતર વિસ્તારમાં સૌરવ અને આશુતોષ રાંકાએ રાષ્ટ્રધ્વજ સાથે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા ત્યારબાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી.

સીજેપીના નેતાઓ પાંચ દિવસ તિહાર જેલમાં



જંતર-મંતર પર તિરંગો ફરકાવનાર સૌરવ દાસ અને આશુતોષ રાંકા જ્યુડિશિયલ કસ્ટડીમાં

સીજેપી સ્થાપક અભિજીત દીપકેએ સરકાર પર કર્યા પ્રહારો

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): વિરોધ પ્રદર્શન માટે ડી-નોટિફાય કરાયેલા જંતર મંતર વિસ્તારમાં કથિત રીતે ખાનગી મિલકતમાંથી ગેરકાયદે પ્રવેશ કરવા અને શાંતિ જાળવવાની શરતોનો ભંગ કરવા બદલ 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી)ના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાને બુધવારે પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે, તેમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ, તેમના અન્ય એક સાથી અજિંક્ય શિંદેને છ મહિના સુધી શાંતિ અને સારો વ્યવહાર જાળવવા માટે પાંચ હજાર રૂપિયાના અંગત બોન્ડ અને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ દ્વારા પોલીસના અહેવાલની વિગતો, કાયદાના વારંવારના ભંગ અને જામીન પર છૂટવાથી ફરી કાયદો તોડવાની આશંકાને ધ્યાનમાં રાખીને દાસ અને રાંકાને પાંચ દિવસ માટે તિહાર જેલ મોકલવામાં આવ્યા છે. બુધવારે સવારે તેમને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

એર ઇન્ડિયાની ફ્રેન્કફર્ટ-દિલ્હી ફ્લાઇટમાં ફેક 'હાઇજેક એલર્ટ'

306 લોકોના જીવ તાળવે ચોંટ્યા, જયપુરમાં ઇમરજન્સી લેન્ડિંગ



જયપુર, તા. 14 (પીટીઆઈ): અધિકારીઓ અને સૂત્રોના જણાવ્યા અનુસાર, ફ્રેન્કફર્ટથી દિલ્હી જતી એર ઇન્ડિયાની એક ફ્લાઇટને બુધવારે હાઈજેક એલર્ટ મળ્યા બાદ જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. ત્યાર બાદ ખોટું સાબિત થયું હતું અને સુરક્ષા તપાસ પછી તેણે પોતાની યાત્રા ફરી શરૂ કરી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, અંદાજે 293 મુસાફરો અને 13 ક્રૂ મેમ્બર્સને લઈને જતી બોઈંગ 787-9 એરક્રાફ્ટ દ્વારા સંચાલિત ફ્લાઇટ એઆઈ2030 સવારે લગભગ 9:35 વાગ્યે જયપુર ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ઊતરી હતી અને સુરક્ષા તપાસ માટે તેને આઈસોલેશન બેમાં ખસેડવામાં આવી હતી. એરપોર્ટ સૂત્રોએ જણાવ્યું કે, "મુસાફરોને ટર્મિનલ બિલ્ડિંગમાં લાવવામાં આવ્યા હતા. થોડા સમય પછી ફ્લાઇટને મંજૂરી આપવામાં આવી હતી. ત્યાર બાદ તે જ વિમાનમાં મુસાફરોનું બોર્ડિંગ શરૂ થયું હતું અને ફ્લાઇટ દિલ્હી માટે રવાના થઈ હતી."

યુક્રેનને મોટો ફટકો: સ્ટારલિંકના ઉપયોગ પર નિયંત્રણ

ડ્રોન સંચાર મર્યાદિત થતાં અને ગુપ્ત માહિતી મળતી બંધ થતા સેના સંકટમાં

રશિયાએ રાત્રિ દરમિયાન ૩૯ બેલિસ્ટિક મિસાઇલો અને ૧૨૦થી વધુ ડ્રોન છોડ્યા, છ પાવર પ્લાન્ટ્સ પર હુમલા

કીવ, તા. 14 (એપી) યુક્રેનિયન ડ્રોન દેશના યુએસ-નિર્મિત સ્ટારલિંક કોમ્યુનિકેશન ટર્મિનલ્સના યુદ્ધક્ષેત્રમાં ઉપયોગ પર અચાનક પ્રતિબંધો લાદવામાં આવ્યા બાદ તેમની થોડી ઝડપ ગુમાવી બેઠા છે. એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું આ ઘટનાક્રમ ત્યારે બન્યો જ્યારે રાજધાનીએ મિસાઈલ હુમલાઓની સતત બીજી રાત્રિએ સામનો કર્યો હતો. તે જ સમયે, યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું, કીવને નિશાન બનાવતી વિનાશક રશિયન બેલિસ્ટિક મિસાઈલો વિશે તેના પશ્ચિમી ભાગીદારો તરફથી સામાન્ય અગાઉની ચેતવણી મળી ન હતી. જેનાથી એવી આશંકા જાગી છે કે, યુક્રેનને મહત્ત્વપૂર્ણ ગુપ્ત માહિતીથી વંચિત રાખવામાં આવી રહ્યું છે, ખાસ કરીને યુએસ પાસેથી. ઝેલેન્સ્કીએ સ્પષ્ટ કર્યું ન હતું કે ચેતવણીના અભાવનો ઉલ્લેખ કરતી વખતે તે કયા ભાગીદારો વિશે વાત કરી રહ્યા હતા. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે યુએસે યુક્રેન સાથે ગુપ્ત માહિતી શેર કરવાનું બંધ કર્યું નથી. આ ઘટનાક્રમોએ યુક્રેનિયન લશ્કરને નિરાશ કર્યું અને એવી આશંકાઓને વધુ ગાઢ બનાવી કે કીવના વાશિંગ્ટન સાથેના સંબંધો બગડી રહ્યા છે.

ટ્રમ્પની યુદ્ધવિરામની અપીલ છતાં રશિયાએ યુક્રેનની ઉર્જા માળખાકીય સુવિધાઓ પર હુમલા ચાલુ રાખ્યા છે. કીવ અને આસપાસના વિસ્તારોમાં છ પાવર પ્લાન્ટ્સ પર હુમલા થતાં ઓછામાં ઓછા 600,000 લોકો વીજળી વગર અંધારામાં સપડાયા છે. રશિયાએ રાત્રિ દરમિયાન ૩૯ બેલિસ્ટિક મિસાઈલો અને ૧૨૦થી વધુ ડ્રોન છોડ્યા હતા.

પરિસ્થિતિની ગંભીરતાને જોતાં ઝેલેન્સ્કીએ બ્રિટિશ વડા પ્રધાન એન્ડી બર્નહામ અને કિંગ ચાર્લ્સ III સાથે મુલાકાત કરી હતી, જ્યાં બ્રિટને યુક્રેનને ઝડપથી એર-ડિફેન્સ સિસ્ટમ પૂરી પાડવાની જાહેરાત કરી છે.

1,802 CUSTOMERS^
6,979 SUPPLIERS#
26 OWN FACILITIES*
ONE UNIVERSAL FACTORY
ZETWERK
ZETWERK MANUFACTURING BUSINESSES LIMITED
www.zetwerk.com



We are a technology-led, asset-light manufacturing platform for industrial and consumer goods in India and globally. In Fiscal 2026, our manufacturing platform had a diverse customer base ranging from start-ups to large industrial companies, including 8 of Sensex, 16 of Nifty 50, and 102 of India's Fortune 500 companies. We undertake complex manufacturing across industries including utilities, renewables, consumer electronics, artificial intelligence infrastructure, aerospace, space & defence, oil & gas, and industrial automation.

^In Fiscal 2026 | # Third party suppliers, Fiscal 2026 | *As of June 30, 2026 Map not to scale, for representation purposes only.

ZETWERK: END-TO-END MANUFACTURING

ZETWERK MANUFACTURING BUSINESSES LIMITED (formerly known as Zetwerk Manufacturing Businesses Private Limited) is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with the Registrar of Companies, Karnataka at Bengaluru, SEBI and the Stock Exchanges on October 11, 2026. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of our Company at www.zetwerk.com and the websites of the BRLMs, i.e., Kotak Mahindra Capital Company Limited, Morgan Stanley India Company Private Limited, Goldman Sachs (India) Securities Private Limited, Avendus Capital Private Limited, JM Financial Limited, HSBC Securities and Capital Markets (India) Private Limited and Pantomath Capital Advisors Private Limited at https://investmentbank.kotak.com, www.morganstanley.com/india, www.goldmansachs.com, www.avendus.com, www.jmfl.com, www.business.hsbc.co.in and www.pantomathcapital.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see ***"Risk Factors"*** beginning on page 28 of the RHP. Potential investors should rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.
This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. The Equity Shares have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the ***"U.S. Securities Act"***) or any other applicable law of the United States and may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are only being offered and sold (a) to persons in the United States that are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in transactions exempt from or not subject to the registration requirements of the U.S. Securities Act; or (b) outside the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where those offers and sales occur. There will be no public offering of the Equity Shares in the United States.

Adfactors 441/26